


## સલામી સવારની..

*સચિવાલયે દબાયેલી સ્પ્રીંગ હવે છટકી છે!*
*ચટકી જીભે કટકી, મતિ નકટી, ભટકી છે,*
*અટકી વિકાસ-ગતિ, વટકી આંખની શરમ -*
*તંત્રની 'ઉદ્દંડતા' હવે બેનને ય ખડકી છે!!*
*('મારું કોઈ માનતું નથી' - આનંદીબેન)*

હાઈકુ

*લાભ જોઈને,*
*રૂપાણી જેવા પણ -*
*લપસી પડ્યા...*
*(જલ્દી 'ટાંકા' છૂટે એ જ પ્રાર્થના)*

*શિક્ષણ પાયો,*
*એમાં જ ભ્રષ્ટાચારની*
*લાગી ઉધઈ...*
*(બહેનશ્રી નો બળાપો)*

## ચિંતન

**પાંચ તત્ત્વ કા પૂતરા, માનુષ ધરિયા નામ,**
**દિન ચાર કે કારણે, ફિર ફિર રૌકે ઠામ.**

જળ, પૃથ્વી, આકાશ, વાયુ અને અગ્નિરુપી પાંચ તત્ત્વોમાંથી માનવ શરીર નિર્માણ થયું છે, ગુજરાતી ગીત-સંગીતના ઉપાસક અવિનાશ વ્યાસ, 'રાખના રમકડા મારા રામે રમતાં રાખ્યા રે, મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યા રે, રાખનાં રમકડાં...' આ માણસ પંચેન્દ્રીયથી જીવન માણવા કોશિશ કરે છે. જીભથી સ્વાદ, ત્વચાથી સ્પર્શ, આંખથી દશ્ય, કાનથી સ્મરણ અને નાકથી ગંધ દ્વારા સુખ પામવા માટે પ્રયત્ન કરે છે. અહંપ્રેરિત મનોરથો પૂરા કરવા માટે તલપાપડ થાય છે. ચાર દિવસની ચાંદની જેવા આ જીવનમાં આશાની સૂચિ પૂરી થતી નથી. મનુષ્ય સુખ પાછળ કસ્તૂરીમૃગની જેમ ભટકે છે. ઝૂરે છે. પણ જાણતો નથી કે એ જે શોધે છે તે અંદર છે. તેની પાસે જ છે પંચતત્ત્વો થકી શરીરમાં ૫ X ૫ કુલ ૨૫ કાર્યો સંપન્ન થાય છે. પાંચ ઈન્દર્યો પર અંકુશ આવે તો આપમેળે ૨૫ કાર્યોનું નિયંત્રણ શક્ય બને છે. આથી 'પંચ માર, પચ્ચીસ વ્રજ કર'નો ઉપદેશ-સંવેદના મહત્ત્વના છે.

## સુવિચાર

- ઘેરી વળે છે જયારે મને દુઃખનાં કંટકો..
  ત્યારે જીવન ગુલાબનો આકાર હોય છે... - **ગની દહીંવાલા**
- સંસારીઓ ચામડાના ચક્ષુથી જોતાં હોય છે
  જયારે સાધુઓ શાસ્ત્રરુપી ચત્રુ ધરાવતાં હોય છે - **જનકલ્યાણ**
- પગ લપસે તો જખમ પડે, જીભ લપસે તો જોખમ પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈચ્છાઓ આઝાદ થાય તો એ આપણને તો ગુલામ જ બનાવશે - **મોરારિ બાપુ**
- અધિકારનો ત્યાગ એનું નામ દાન - **જીવનસૂત્ર**
- 'સમાધાન' એ તૂટતા સંસારને બચાવે છે 'જીદ'નહીં - **ધૂમકેતુ**
- આજનું ઔષધ : પાલખની ભાજીનો રસ પીવાથી પથરી ઓગળી જાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

વડીલ, શિક્ષક, શેઠ, ગુરુ આ બધાનો સ્વભાવ નિખાલસ - વત્સલ હોવો જોઈએ. બાળક-શિષ્ય એમની પાસે ખુલ્લા હૃદયથી વાત કરી શકે એટલી મોકળાશ એમના વ્યક્તિત્વ અને વર્તનમાં હોવી જોઈએ. કોઈ મિલિટરીના કડક કેપ્ટન-જેવો નહીં - કે તેની પાસે જતાં પર ડર લાગે.

આપણા મહાન વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ આઝાદ આવા નિખાલસ હૃદયના હતા. એમનો સરળ-સાલસ સ્વભાવ કોઈને પણ ગમી જાય એવો હતો.

એમના સ્ટાફમાં એક વાયુસેવાના અધિકારી, ચૂનંદા પાયલોટ શ્રી સીંઘ હતા. તેમને એક પ્રાઈવેટ વિનાની કંપનીમાંથી સારી ઓફર આવી - પણ કલામ સાહેબના સ્વભાવને કારણે સીંઘ સાહેબની 'નોકરી છોડવાનું કહેતાં' જીભ ઉપડતી ન હતી.

સ્વામી બ્રહ્મબિહારી મારફતે વાત પહોંચાડી, કલામ સાહેબ સીંઘને બોલાવ્યા. રાજીનામું મંજૂર કરવા સંમતિ તો આપી અને કહ્યું - મને તમે જે ફલાઈટમાં પાટલોટ બનો એમાં મુસાફરી કરવાનો ખૂબ જ આનંદ આવશે.

# માતૃભાષાની ઉપેક્ષા : અસ્મિતા સામનો પડકાર

ધોરણ ૧૦ અને ૧૨નાં પરિણામોમાં માતૃભાષાના વિષય પરત્વે ગુજરાતના વિદ્યાર્થીઓની નબળી સ્થિતિ માટે જવાબદાર કોણ? પૃથક્કરણ કરવામાં આવે તો સૌથી વધુ જવાબદાર તો આપણી શિક્ષણ પ્રણાલી જ ગણાશે. માતૃભાષાનું જાણે કોઈ મહત્ત્વ જ ન રહ્યું હોય એમ આપણી શિક્ષણ સંસ્થાઓ એને હાંસિયે હડસેલી દઈ 'કરિયર' માટે મહત્ત્વના વિષયો પર જ વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરાવતા રહે છે. આથી જે ડૉકટરો-ઈજનેરો કે તજજ્ઞોની ફોજ તૈયાર થાય છે એમને પોતાના વિષયનું જ્ઞાન તો હોય છે પરંતુ સામી વ્યક્તિ આગળ કે સમાજ સમક્ષ અભિવ્યક્ત કરવામાં ભારે તકલીફ પડે છે. એ સાવ જ યંત્રની જેમ જીવવા મજબૂર બની જાય છે અને તેથી ઘણા બધા તજજ્ઞો લઘુતાગ્રંથિનો શિકાર બનતા જોવા મળે છે ધો-૧૦ના પરિણામોમાં સરકારી માધ્યમિક શાળાઓનું પરિણામ દયાજનક રીતે નીચું આવ્યું છે, એમાં પણ તંત્રથી લઈ વાલીઓ સુધી તમામની સરખી જવાબદારી ઠરે છે. ફિક્સ પગારમાં કામ કરતા શિક્ષકોને બાળકો માટે સમય 'બગાડવા' કરતાં સાઈડ બિઝનેશ કરી બે છેડા સરખા કરવામાં વધારે રસ હોય છે. વળી આવી શાળાઓ પ્રત્યે સમાજ પણ હલકી નજરે જોવા ટેવાયેલ છે. પેટે પાટા બાંધીને વાલીઓ પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલતા થયા છે. આથી સરકારી શાળાઓને ધીમે ધીમે તાળાં જ લાગી રહ્યાં છે અને સરકાર પણ આ પ્રક્રિયા અટકાવવા જરુરી પગલાં ભરવાને બદલે આવી શાળાઓ ખાનગી ટ્રસ્ટોને પધરાવવા મંડી છે. ગુણોત્સવ જેવા કાર્યક્રમો કરીને ડ્રોપઆઉટ રેશિયો ઘટાડી શકાયો હશે, પરંતુ ગુણવત્તા સુધારી શકાઈ નથી તે કડવી વાસ્તવિકતાનો બીજા કોઈ સ્વીકાર કરે કે ન કરે પરંતુ રાજયનાં હાડે શિક્ષક એવા મુખ્યમંત્રી પોતે જ સ્વીકાર કરે છે તે શું સૂચવે છે? આનંદીબેને શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં શિક્ષણના સ્તરની કડવી વાસ્તવિકાત સામે પુણ્યપ્રકોપ ઠાલવતાં કહ્યું છે કે શિક્ષકો મારી હાજરીમાં જ ખોટું વંચાવતા હોય તો પાછળ તો શું નહીં કરતા હોય! ગુજરાતની ઊછરતી પેઢીનું ભાષાજ્ઞાન આટલું નબળું હોય તો તે ખરેખર શોચનીય બાબત ગણાવી જોઈએ. નબળી શાળાઓ સુધારવા મુખ્યમંત્રીશ્રીએ મહિનામાં જ રિપોર્ટ માગ્યો છે. જે શાળાઓનું પરિણામ ૮ થી ૧૦ ટકા જ આવે છે, તેની જવાબદારી શિક્ષકોની જ હોવાનું કહેવું તે પણ એક પ્રકારની શાહમૃગવૃત્તિ છે. એવા પરિણામની જવાબદારી ખુદ શિક્ષણમંત્રીએ લેવી જોઈએ, કારણ કે એ ઉપેક્ષિત શાળાઓ અને વંચિત વિદ્યાર્થીઓ તરફ ધ્યાન આપવાને બદલે સરકાર હરહંમેશ પોતાની જ પીઠ જ થપથપાવતી રહી છે. બદલાઈ રહેલા ગ્લોબલાઈઝેશનના વાતાવરણમાં આ જ સમુદાયનાં બાળકો માતૃભાષાના માધ્યમમાં કે ગુજરાતી માધ્યમવાળી ફાઈવ સ્ટાર સ્કૂલોમાં પહોંચી જાય છે. લાંબે ગાળે આ પરિસ્થિતિ આપણી અસ્મિતા સામેનો જ પડકાર બની રહેશે. કારણ કે માતૃભાષા એ આપણી ઓળખ છે, આપણી સંસ્કૃતિ છે. એક વધુ સૂક્ષ્મ નિરીક્ષણ દર્શાવે છે કે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતાં બાળકો ગુજરાતી માધ્યમની શાળાઓમાં ભણતાં બાળકો કરતાં વધુ સારી ગુજરાતી લખી શકે છે. ગુજરાતી વિષયમાં જ નાપાસ થનાર બાળખોની સંખ્યા વરસોવરસ વધતી જાય છે, તે આપણી માતૃભાષા પરત્વેની ઉદાસીનતા બદલે નઘરોળ લાપરવાહીનું જ નોત્રદીપક ઉદાહરણ છે. ગિરા ગૂર્જરીનું ભવિષ્ય જેમના હાથમાં છે એવાં કાચાંકુમળાં બાળકોને એમની દૂધભાષાથી જ વંચિત રાખવાનું પાપ સરવાળે સરકારને અને ગુજરાતીઓને મોંઘું પડશે એમાં શંકાને સ્થાન નથી.

**તંત્રીસ્થાનેથી...**

# ટૂંકાટચ ને સીધાસટ એવા ગાંધી બાપુના પત્રો

**ગાંધીજી પત્રમાં સીધો ખુલાસો જ માગતા**

મહાત્મા ગાંધીને પત્ર લેખક તરીકે પણ આપણે નવાજી શકીએ. તેમના પત્રોએ હંમેશા મૂંઝવણ સામે માર્ગદર્શન આપતા રહ્યો છે. તો તેમની ટીકા થઈ હોય તો એ પણ સામે ચાલીને પત્ર દ્વારા પ્રગટ કરતા રહ્યા છે. કોઈને પણ પત્રનો જવાબ તો આપતા જ પણ સામે જવાબ પણ મંગાવતા હતા. બાપુના પત્રો ઘણે ભાગે ટૂંકા રહેતા તો લાંબા પણ રહેતા હતા. જયાં જયાં જરુર જણાય ત્યાં અને ત્યારે પત્રોનું કદ - લંબાઈ વધતા અન્યથા થોડામાં ઘણું સમજાવતા અને કેટલાંક પત્રો તો સીધા સટ સવાલો રુપી પણ રહેતા. આવા કેટલાંક પત્રો આજે આપણે જોઈએ.

વકીલાતના બદલે દેશસેવા કરવાનું શરૂ કરનાર ગાંધી વકીલની જેમ સામેવાળાને સવાલ કરવાનું ભૂલ્યા ન હતા. આશ્રમના સંચાલક બહેન ગંગાબેન વૈદ્યને લખેલો પત્ર આવો જ કંઈક અણસાર આપે છે.

ચિ. ગંગાબહેન,

મને આટલી બાબતમાં વાત કરજો, જમવા ટાણે, બપોર કે સાંજે, જયારે તમને વખત મળે ત્યારે. રેંટિયા બારશને દહાડે બંગડીઓ કોને આપી હતી? શા સારું આપી હતી. બિસ્કિટ બપોરે કોને અપાય છે? તેમાંથી ને ખાંડ નખાતાં હોય તો પ્રમાણ કેટલાં?

બાળકોનાં કાંતણ વર્ગમાં હાલ કોઈ દેખરેખ રાખે છે? ન રાખતું હોય તો આજથી કોઈકને મોકલવું જોઈએ. એ વર્ગ કેટલો વખત ને કયારે ચાલે છે?

બાપુ

(બાપુના પત્રો-૬, પાન.૩૪માંથી)

પત્રમાં એક ઉલ્લેખ રેંટિયા બારશનો પણ છે. ગાંધીજીની તિથિ પ્રમાણેનો એ જન્મદિવસ છે. એ દિવસ કાંતણદિન તરીકે ઉજવાય છે. પોતાના જન્મદિવસ આશ્રમમાં રહેતી બહેનોને પહેરવા માટે બંગડીઓ આપવામાં આપી હતી તે સામે આ પત્રમાં ગાંધીએ વાંધો ઉઠાવ્યો હતો. આશ્રમનો નિયમ હોય એમાં પોતાના જન્મદિવસે છૂટછાટ આપવામાં આવે એ તેમને રુચ્યું ન હતું. તો અન્ય એક પત્રમાં પત્ર લેખનને મીઠી ટકોર પણ કરે છે. સાબરમતી આશ્રમમાં રહેતી આ બહેનોને ગાંધીજી જવાબીપત્ર લખે છે એમાં કહે છે :

ચિ, શારદા,

તમારું અસલ નામ જ શોભતું લાગે છે. શારદા હોય તે સાનમાં સમજી જાય તે હિતેચ્છુ શા કારણથી કંઈ પ્રતિબંધ કરતા હશે. એક તારણ તો તમે ત્રણ બહેનોએ આપ્યું છે. એક જ પ્રકારના કાગળ લખ્યાં છે છતાં એકમાં ત્રણેની સહી કરવાને બદલે ત્રણ જુદા જુદા લખી પ્રજાનો વખત બગાડ્યો અને પ્રજાના પૈસા પણ બગાડ્યા. સત્યાગ્રહીઓને પોતાનો પૈસો કે પોતાનો વખત હોતો નથી. તે તો બધુ કૃષ્ણાર્પણ કરે છે. બધે ઠેકાણે બંધાએ ઝંપલાવવાનું ન હોય, આવો અભિપ્રાય હોવાથી તાર નથી કર્યો.

- બાપુના આશીર્વાદ




આ પત્રમાં ત્રણ બહેનો એક સરખી વાત કદાચ (કોઈ સત્યાગ્રહ સંદર્ભે થયેલા વિવિધ આંદોલન પૈકી કોઈ આંદોલનમાં જોડાવા બાબતે) બાપુને પત્ર લખે છે. વાત એક સરખી હોવા છતાં અલગ અલગ પત્ર લખે છે એ સામે બાપુ એ બહેનોને સમય વેડફવાની બાબતે નારાજગી વ્યક્ત કરે છે. એક તરફ તેઓ દરેકને પત્ર લખવા હંમેશા કહેતા જયારે બીજી તરફ જેમણે પત્ર લખ્યો છે એમને પ્રજાનો વખત અને પૈસા બગાડ્યા એમ કહે છે. આ બતાવે છે કે પત્ર પણ કંઈક યોગ્ય માર્ગદર્શન અર્થે હોય અને એકથી વધારેનો પ્રશ્ન એક સરખો હોય તો પત્ર સંયુક્ત જ હોવો જોઈએ. ટુંકા અને ઝડપથી સંદેશાવહનમાં માનતા ગાંધી ફરી પાછા પત્રના છેવટ ભાગમાં જવાબ બહુ ઝડપથી આપવાનું જરુરી ન હોઈ તાર કર્યો નથી.

બાપુનો 'ટપુડો' - મુરબ્બી નારાયણભાઈ દેસાઈએ ટાઉનહૉલ 'ગાંધીકથા'માં તેમના લગ્ન પ્રસંગે મહાત્મા ગાંધી હાજર નહોતા રહી શક્યા ત્યારે પણ પત્રથી આશિષ પાઠવ્યા હતા. નારાયણદાદાના પિતાશ્રી મહાદેવભાઈ દેસાઈએ તો ગાંધીના સહવાસમાં બધી જ નોંધ સતત કરી હતી. જે મહાદેવભાઈની ડાયરી તરીકે પ્રસિદ્ધ થઈ છે. એ મહાદેવભાઈએ પણ બાપુ પત્ર લખતા રહેતા એ પણ વાચવા જેવા છે.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૨, નવજીવન પ્રકાશન મંદિર

**(લેખક : ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# 'પાઉન્ડ' ને ઠોકર મારી સમાજની સેવા માટે મારું જીવન ખપાવી દઈશ

## ડૉ. ભીમરાવ રામજી આંબેડકર

'માન્ચેસ્ટર ગાર્જિયન' અને અમેરિકાના 'ન્યુયોર્ક ટાઈમ્સ' ના પત્રકારોએ ગાંધીજી, મહંમદઅલી ઝીણા અને બાબાસાહેબની મુલાકાતે જવાનું ઠરાવ્યું. ગાંધીજીની મુલાકાતે રાત્રે નવેક વાગે ગયા તો ગાંધીજી સૂઈ ગયેલા. દસેક વાગે પત્રકારો મહંમદઅલી ઝીણાના નિવાસે પહોંચ્યાં તો સમાચાર મળ્યા કે ઝીણા પણ સૂઈ ગયા હતા. પત્રકારો રાત્રે લગભગ બારેક વાગે બાબા સાહેબના નિવાસે પહોંચ્યા. બાબા સાહેબ કાંઈક લખી રહયા હતા. પત્રકારોએ કહયું - નવાઈની વાત છે, દેશના બે મહાન નેતાઓ ઊંઘતા જોવા મળ્યા, અને તમે જાગી રહયાં છો? બાબા સાહેબે જવાબ આપ્યો, "શ્રી ગાંધી અને શ્રી ઝીણા આરામથી સૂઈ શકે છે કારણકે એમનો સમાજ જાગે છે અને હું જાગી રહયો છું, કારણકે મારો સમાજ ઊંઘી રહયો છે."

સંઘર્ષ વગર સફળતા શકય નથી ! સમાજ ઉપર આરૂઢ થઈ ગયેલી પરંપરાઓ સામે વિદ્રોહ ઉઠાવવો, તેનો વિરોધ કરવો એ વિશ્વના તમામ દેશોના ગરીબોના ઈતિહાસનો એક અંતર્ગત ભાગ છે. તત્કાલિન સમયમાં સામાજિક ન્યાય માટે બે ધારાઓ પ્રચલિત બની હતી : એક તર્કવાદી અને બીજી ધર્મવાદી. બાબાસાહેબને એકેય ધારા પર વિશ્વાસ બેઠો નહિ. તેમણે નકકી કર્યું કે જયાં સુધી સમાજ આર્થિક, સામાજિક અને ધાર્મિક દાસત્વમાંથી મુકત નહીં થાય ત્યાં સુધી રાજકીય સ્વતંત્રતા એક ઢોંગ માત્ર જ રહેશે. કોઈ અન્યાય, દુરાચાર કે શોષણનો સામનો કરતાં પહેલાં જે જુઠ્ઠાણા પર તે આધાર રાખે છે તેને ઉઘાડો પાડી તેના અસલ સ્વરૂપને ઓળખી લેવું જોઈએ અને આ બધું શિક્ષણ દ્વારાજ શકય બનશે.




"જ્ઞાતિપ્રથા અને ધર્માંતર" માં બાબાસાહેબ નોંધે છે કે મારું સામાજિક તત્વજ્ઞાન સ્વતંત્રતા, સમાનતા, અને બંધુતા એ ત્રણ શબ્દોમાં ગૂંથી શકાય તેમ છે. મારા તત્વજ્ઞાનમાં બંધુતાને ઘણું ઊચું સ્થાન છે. સ્વતંત્રતા અને સમાનતાની સામે મારો બંધુભાવ જ સંરક્ષણ આપી શકે છે. ર્ડા. બાબાસાહેબનો સંઘર્ષ અને દલિત વિચારધારા પ્રત્યે સૂગ ધરાવનારાઓને પૂછવાનું મન થાય કે "શું એક દિવસ માટે તમે 'દલિત' બની શકો ખરાં ?" આ પ્રશ્નનો જવાબ મળે કે ન મળે પરંતુ બાબાસાહેબનો સંઘર્ષ જ તેમને મહામાનવની કક્ષાએ મૂકી દે છે.



***"સમાજની સેવા માટે મારું જીવન ખપાવી દઈશ. કોઈ જરૂર નથી, દેખાડો કરવાની. તમે જેવા છો તેવા નિકળો, આત્મવિશ્વાસથી સામી છાતીએ આંખમાં આંખ મેળવીને આગળ વધો."***

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી એક પુસ્તકમાં નોંધે છે - બાબા સાહેબે પરદેશની એશ-આરામની જિંદગી ત્યજી દીધી. 'પાઉન્ડ' ને ઠોકર મારી ને કહયું કે "સમાજની સેવા માટે મારું જીવન ખપાવી દઈશ. કોઈ જરૂર નથી, દેખાડો કરવાની. તમે જેવા છો તેવા નિકળો, આત્મવિશ્વાસથી સામી છાતીએ આંખમાં આંખ મેળવીને આગળ વધો."

આંબેડકરનું સમગ્ર વ્યકિતત્વ ચારિત્ર્યવાન, દેશભકિતથી ભરેલું અને માનવતાવાદી હતું. સંકુચિતતા અને વિકૃતિથી તેઓ જોજનો દૂર હતા. એમના વિચાર અને આંદોલનમાં આક્રોશ હતો, પણ દોષારોપણ ન હતું. જે દલિત આજે સાધન-સંપન્ન અને સુખી છે તેઓ પોતાના જ ગરીબ દલિત પ્રત્યે સૂગ રાખે છે. - આ વાત સંપૂર્ણ સાચી નથી. તો તેને નજરઅંદાજ કરી શકાય એવી પણ નથી. પરિશ્રમ, સંઘર્ષ, આત્મવિશ્વાસ, દઢનિશ્ચય અને દેશપ્રેમથી બાબા છલોછલ હતા. આપ સારી પેઠે જાણો છો કે 'જયભીમ' કહેવા માત્રથી આ ગુણો આત્મસાત થવાના નથી. માણસ પોતા માટે વેઠે તે 'તાપ' અને અન્ય માટે સહન કરે તે 'તપ'. બાબા સાહેબે તપ કર્યુ. પોતાના માટે નહિ સમગ્ર સમાજ માટે.મરાઠી લેખક શ્રી રમેશ પતંગે લિખીત 'સંઘર્ષ મહામાનવનો' પુસ્તક સૌએ વાંચવા જેવું છે.

એક પ્રસંગ કહીને મારી વાત પૂરી કરીશ. બાબા સાહેબ પલાઠીવાળીને બાજુમાં બેઠેલા વિદ્યાર્થીના ખભે હાથ મૂકીને કહેતા હોય એમ - "મેં જે કાર્ય કર્યું છે તે જીવનભર સખત પરિશ્રમ કરીને, અનેક મુસીબતો સહન કરીને અને વિરોધીઓની સામે ઝઝૂમીને જ કર્યું છે. અમેરિકા અને લંડનમાં બ્રેડના બે ટૂકડા અને તે પણ ન મળે તો માત્ર પાણી પીને, અર્ધ ભૂખ્યા રહી મેં અભ્યાસ કર્યો છે."

સ્મિતા રાઠોડ, પ્રવીણ અમીન, નરેન્દ્ર એડવોકેટ, પીયુષ બુદ્ધમ, જયંત માયાવંશી, વી.ડી. પરમાર, કુંવર પ્રણામી, રવિ, અવિનાશ રાઠોડ, પ્રદીપ પરમાર, કલ્પેશ ગાંધી, જીતુ સોલંકી, પ્રકાશ બેંકર, એસ.એસ.ડી. મિત્રોને અર્પણ.

મિસરી

લીમડાંને આવી ગ્યો તાવ
લીમડાંના દાદા કહ્યે, કહી કહીને થાકી ગ્યો
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ

- કૃષ્ણ દવે

# કવિ સિદ્ધાર્થસિંહ રાઠોડના કાવ્યસંગ્રહ 'દીકરી'નું વિમોચન

ભારતના અમોલા બંધારણના શિલ્પી, મહામાનવ - ભારતરત્ન ડો. બાબાસાહેબ ભીમરાવ માહિતી સાથે પ્રગટ કરતા સાહિત્યકાર અને અદના પત્રકાર કિશોર મકવાણા દ્વારા સંપાદિત 'ડો. બાબાસાહેબનો વિચાર વૈભવ' પુસ્તકનો લોકાર્પણવિધિ સમારોહ તા.૨૧મી મે, ૨૦૧૬ના રોજ, ગુજરાતના મહામહીમ રાજયપાલ ઓ.પી. કોહલીજીના અધ્યક્ષપદે અને રાજયસભાના સભ્ય તથા પ્લાનિંગ કમિશનના ભૂતપૂર્વ સભ્ય ડો. નરેન્દ્ર જાદવ અને સવગુણ મંદિર, ઝાંઝર કાના ગાદીપતિ અને રાજયસભાના સભ્ય પૂ. મહંત શંભુનાથજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં, બુદ્ધપૂર્ણિમાના પુનિત પર્વે ગુજરાતી સાહિત્ય પરિષદ સભાગૃહ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં ખ્યાતનામ કવિ/સાહિત્યકારો, મહાનુભાવોએ ઉપસ્થિત રહી આ સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

- 'શબ્દાયન' સંસ્થા દ્વારા સાહિત્ય, સંગીત-કલાદિના સર્જકો તથા ભાવકો માટેનું દ્વિતીય જ્ઞાનસત્ર, આગામી તા.૨૮ અને ૨૯ મે ના રોજ ખેડા જીલ્લાના અંબાવ મુકામે, ઘનશ્યામ શૈક્ષણિક સંકુલ ખાતે યોજાશે, જેમાં સમાજના સર્જકો તથા ભાવકો ઉપસ્થિત રહેશે.



- કડી સર્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન કોલેજના ઉત્સાહી તેમજ હોનહાર વિદ્યાર્થી કવિ સિદ્ધાર્થસિંહ રાઠોડના કાવ્યસંગ્રહ 'દીકરી'નું વિમોચન માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે તા.૨૩-૫-૨૦૧૬ના રોજ થયું. આ પુસ્તક વાંચીને મહામહીમ રાજયપાલ ઓ.પી.કોહલીજી ખૂબ જ ખુશ થયા તેમજ આશીર્વાદપત્ર મોકલી આપ્યો હતો. સિદ્ધાર્થસિંહ રાઠોડનું આ દ્વિતીય પુસ્તક છે. કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભાઈ માણેકલાલ પટેલ દ્વારા સિદ્ધાર્થને તેની સિદ્ધિ બદલ ઉમળકાભેર વધાવીને અભિનંદન પાઠવી, ઉજ્જવળ ભવિષ્ય માટે શુભ કામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

- ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમી દ્વારા કવિ ચીનુ મોદીના 'અ-મૃત મુક્તકો' ના સંચયગ્રંથનું લોકાર્પણ તા.૨૬મી મે, ૨૦૧૬ના રોજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ચેરમેન યોગેશ ગઢવીના વરદ્હસ્તે રવિશંકર રાવળ કલાભવનના સંસ્કૃતિ હોલખાતે થયું. આ સમારંભમાં ડો. ફિરદોસ દેવૈયા દ્વારા પોતાના વાદકવૃંદ સાથે સૂફી શૈલીમાં રૂબાઈઓનો કાર્યક્રમ પ્રસ્તુત કરાયો હતો.

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા.૨૩.૪.૨૦૧૬ ના રોજ, રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદ ખાતે જાણીતા કવિશ્રી માધવ રામાનુજના અધ્યક્ષપદે કવિસંમેલન - કાવ્યસત્ર-૨ યોજાઈ ગયું, જેમાં કવિશ્રી માધવ રામાનુજ, કૃષ્ણ દવે, તુષાર શુક્લ, નિરંજન યાજ્ઞિક, પ્રીતમ લખવાણી તથા મેગી આસનાનીએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. કવિ સંમેલનના આરંભે, અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કવિ ચિનુ મોદી, ચંદ્રેશ મકવાણા, અનિલ ચાવડા તથા અન્ય ઊભરતા કવિઓ હાજર રહ્યા હતા.




- નર્મદ સાહિત્ય સભા, સુરત દ્વારા યોજાયેલ 'કેતન મુનશી વાર્તાસ્પર્ધા - વર્ષ ૨૦૧૫' નું પરિણામ જાહેર થયું છે. જેમાં પ્રથમ પારિતોષિક ડો. સ્વાતિ નાયકની વાર્તા 'કચરો'ને, દ્વિતીય પારિતોષિક નીતા જોષીની 'ચામા, કદાદ માની જશે' ને અને દ્વિતીય પારિતોષિક માવજી મહેશ્વરીની 'લાક્ષાગૃહ' વાર્તાને મળ્યું. જેમાં અનુક્રમે રૂા. ૨૫ હજાર, ૧૦ હજાર અને ૫ હજાર અપાશે. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે 'પરબ' માસિકના સંપાદક યોગેશ જોષી અને બકુલેશ દેસાઈએ સેવાઓ આપી હતી. આ અગાઉ સતીષ વૈષ્ણવ-૨૦૦૮, દીના પંડ્યા-૨૦૦૯, ગિરીશ ભટ્ટ-૨૦૧૦, હરિશ થાનકી - ૨૦૧૧, કનુ આચાર્ય - ૨૦૧૨, રાઘવજી માધડ - ૨૦૧૩ અને કિરણ વી. મહેતા - ૨૦૧૪, આ 'કેતન મુનશી વાર્તા પારિતોષિક'ના ભાગ્યશાળી બન્યા હતા.

- અમેરિકા સ્થિત કવિ ભરત ત્રિવેદીના કાવ્ય સંગ્રહ 'ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ' પુસ્તકનું વિમોચન તા.૧૦-૪-૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે સુમન શાહના વરદ્ હસ્તે થયું. જેમાં ચિનુ મોદી અને જગદીશ ગૂર્જરે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું અને નિમેષ દેસાઈએ કવિનાં કાવ્યોનું પઠન કર્યું હતું. આ પ્રસંગે કવિ સંમેલન પણ યોજાયું હતું; જેમાં સર્વ ચિનુ મોદી, યોગેશ જોષી, ઉષા ઉપાધ્યાય, વિવેક કાણે, અશોક ચાવડા 'બેદિલ', હરદ્વાર ગોસ્વામી, ભરત ભટ્ટ 'પવન', ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, મનીષ પાઠક અને ભરત ત્રિવેદીએ કાવ્યપાઠ કર્યા હતા.